ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ છુટી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૫/૧૨/૨૦૧૮

વંચાણમાં લીધા:-

(૧) ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૧/૦૮/૨૦૧૮નો પત્ર ક્રમાંક: ડૉ.આઅંવિનિ/૨૦૧૮/૦૨/હિસાબી/૨૪૧૦-૧૧.

આમુખ:-

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૮-૧૯ માં રૂ.૩૫૦.૦૦ લાખની (અંકે ત્રણસો પચાસ લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા:૦૧/૦૮/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે નિગમની વહીવટી ગ્રાન્ટની કૂલ રૂ.૩૫૦.૦૦ લાખની જોગવાઈમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇઅને આધીન રહીને નાંણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.
(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારનાં સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૪) વર્ષ અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.
(૫) નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં જે તે માસનાં અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર (૩) SCW-૧૪ અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ(વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૩૦/૦૮/૨૦૧૮ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, બ્લોક નં.૨, ડી-૨ વિંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.